જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૧૨/૨૦૧૮ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૫૧૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૬ કેસ કરી, ૧૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૧૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ લકઝરી બસ, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૭,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૫૧૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૫૧૫/૧૮**

**રખિયાલ:** બબીતાબહેન ડો/ઓ પુષ્કરસિંગ રાવત (ઉ.વ.૩૬)(રહે.નૈયા એપાર્ટમેન્ટ પઠાણ બંગ્લોઝ સામે રામોલ) એ તા.૨૭/૧૨/૧૮ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ અજીતમીલ સી.ટી.પોઇન્ટ પાસે ગણેશ પ્લાઝા પહેલો માળ ૧૦૮ ખાતે આરોપી (૧) હરીશ લબાના (૨) સંદીપ બહેરાવત (બંને રહે.બીજો માળ લબાના હોસ્પીટલ કેનેરા બેંકની બાજુમાં ગડી રોડ દાહોદ) (૩) રવિ કદમ (૪) અમઝદઅલી મોહમદ મુસ્તકીમ હાસમી (૫) શીતલ રવિ કલમ (૬) મુસ્તાક શેખ (૭) ઇન્દ્રજીત પ્રજાપતિ (તમામ રહે.પહેલો માળ ગણેશ પ્લાઝા સી.ટી.પોઇન્ટની પાસે અજીતમીલ રખીયાલ) એ ભેગા મળી બબીતાબહેનને લોભામણી વાતો કરી “ ટુંકા ગાળામાં નાણા ચાર ગણા થઇ જશે ” તેવી લાલચ આપી, બબીતાબહેન પાસેથી રૂપિયા ૧,૯૯,૦૦૦/- રોકાણ કરાવી, તે રોકાણ સામે રૂપિયા ૯,૦૦,૦૦૦/- આપવાનું કહી, રૂપિયા ૯૩,૬૫૬/- બબીતાબહેનના બેંકના ખાતામાં જમા કરાવી, તેમના બાકી લેવાના નિકળતા રૂપિયા ૧,૧૨,૦૯૪/- પરત નહી ચુકવી, બબીતાબહેન સાથે છેતરપીડીં અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.પી.પઠાણ ચલાવે છે.

**નિકોલઃ** સુરેશકુમાર દુર્ગાપ્રસાદ અસાટી (રહે.વોર્ડ નંબર-૩૧ અસાટી મહોલ્લા હટૅવારા છતરપુર થાના સીટી કોટવાલી એમ.પી) એ તા.૨૭/૧૨/૧૮ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૧૮ થી તા.૧૭/૧૨/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જીજ્ઞેશભાઇ ઉર્ફે જય (જેના પુરા નામની ખબર નથી) મો નંબર- ૯૯૭૪૮૪૫૦૬૬, ૯૭૨૬૪૯૦૬૯૦ અને (૨) વિજયભાઇ (જેના પુરા નામની ખબર નથી) (બંને રહે, મેસર્સ સીદ્ધીવિનાયક ઇંટર પ્રાઇજેસ સિંગરવા રોડ) એ ભેગા મળી કઠવાડા સિંગરવા રોડ " મેસર્સ સીદ્ધીવિનાયક ઇંટર પ્રાઇજેસ " ખાતે સુરેશભાઇના ઓળખીતા બ્રોકર મારફતે મોબાઇલ ફોનથી ૨૫૦ ક્વીલટન ચોખાનો જથ્થો કિમત રૂપિયા ૫,૫૯,૧૯૭/- મંગાવી લીધા બાદ નાણા નહી ચુકવી, સુરેશભાઇ સાથે વિશ્વાઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**સાબરમતીઃ** રમેશભાઇ ભવંરભાઇ ધોબી (રહે. દુકાન નંબર-૨૮ ગણેશ હોમ્સ મીડીયા થીયેટરની પાસે સાબરમતી) એ તા.૨૭/૧૨/૧૮ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રીલ/૨૦૧૭ થી એપ્રીલ/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નિમેષભાઇ ચીમનભાઇ પટેલ અને (૨) હેતલબેન નિમેષભાઇ પટેલ (બંને રહે, સિલ્વર ગાર્ડન ન્યુ લો ગાર્ડન પાસે એસ.જી.હાઉવે ગોતા) તેમજ (૩) વકિલ તરીકેની ઓળખાણ આપેલ તે વ્યક્તિ (જેના નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી રમેશભાઇને "ગુજરાત હાઉસિંગ બોર્ડમાં મકાન મળી ગયેલ છે મકાનની કિમત રૂપિયા ૭,૫૦,૦૦૦/- છે " તેમ જણાવી ગાંધીનગર કોર્ટમા દસ્તાવેજ બનાવાના બહાને બોલાવી કોરા કાગળો ઉપર ખોટી સહી કરાવી દસ્તાવેજ ઘરે આવી જશે તેવુ જણાવી મકાન નહી આપી, તેમજ પૈસા પરત માંગતા પચાસ-પચાસ હજારના બે ચેક આપ્યા બાદ લેવાના બાકી નિકળતા કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- નહી આપી, રમેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.સુતરીયા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૧૬/૧૮</u>**

**વસ્ત્રાપુરઃ** પાર્થભાઇ યોગેશભાઇ પટેલ (રહે.ઇન્દીરાપાર્ક સોસાયટી જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ રોડ) એ તા.૨૭/૧૨/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૧૮ સાજના ૭/૦૦ થી તા.૨૬/૧૨/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ વૈભવલક્ષ્મી મંદીરની બાજુમા, રેવાજી એપાર્ટમેન્ટ મકાન નંબર-૦૭ ખાતે રહેતા પાર્થભાઇના માસાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીના બે સેટ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- સોનાની બે બંગડીઓ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૧૭/૧૮</u>**

**વાસણાઃ** જીનલભાઇ ગૌતમભાઇ શાહ (રહે. રત્નમ ફલેટ મણીરત્નમ બંગ્લોઝની બાજુમા વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૮ બપોરના ૧૨/૪૫ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન જીવરાજપાર્ક મધુરમ પેટ્રોલ પંપની સામે અનામીકા કોમ્પેક્ષમા આવેલ "નિર્મલ ઓટો પાર્ક" નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની મારૂતી ઓમની ગાડીનો કાચ ખોલી ગાડીમાંથી અજાણી વ્યક્તિ પર્સમાંથી રોકડ રૂપિયા ૧,૧૭,૨૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૧૮/૧૮**

**રાણીપઃ** તુષારભાઇ જશુભાઇ ત્રિવેદી (ઉ.વ.૩૮) (રહે. સાનિધ્ય એપાર્ટમેન્ટ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૧૮ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફતેસિહ જીવણજી ચલાવે છે.

**સરદારનગરઃ** નરેશસિહ રુપસિહ ચૌહાણ (ઉ.વ.૧૮) (રહે. તુલસી ફ્લેટ બંગ્લા એરીયા કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૧૮ રાતના ૮/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસ.ઈ.શ્રી દીવ્યાબા મનુભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.